પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૨ | ૨૨ ઓગસ્ટ, ૨૦૧૭, મંગળવાર ; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### બહુચર્ચીત ત્રિપલ તલાકનો આજે ચુકાદો

દેશભરમાં ખુબ જ ચર્ચાયેલ ત્રિપલ તલાકના કેસનો સુપ્રિમ કોર્ટના પાંચ જજની બનેલી બેંચ સીમાચિન્હરૂપ ચુકાદો આપશે.

### ખંડણી કેસમાં છોટા રાજનને ક્લીન ચીટ

ખંડણી કેસમાં દિલ્હી પોલીસે છોટા રાજનને ક્લીન ચીટ આપી છે. સીબીઆઈ એફએસએલ રીપોર્ટ મુજબ વોઈસ સેમ્પલમાં છોટા રાજને ખંડણી માંગી હોવાનુ પુરવાર થતુ નથી.

### ચીનમાં દુનિયાની સૌથી ઝડપી બુલેટ ટ્રેન દોડશે



આગામી ૨૧મીથી ચીનમાં વિશ્વની સૌથી ઝડપી રેલવે ટ્રેન શરૂ થશે. છેલ્લા પાંચ વર્ષથી ચાલતી કામગીરીનો સુખદ અને પરિણામલક્ષી અંત આવશે.

### અમેરિકાને સૂર્યગ્રહણથી કરોડોનું નુકશાન

૨૧મી ઓગષ્ટને સોમવારના સૂર્યગ્રહણથી અમેરિકાને એક જ દિવસમાં ૪,૪૮૬ કરોડનું નુકશાન થવાનો અંદાજ છે. કંપનીઓએ આ દિવસે રજા જાહેર કરતા અર્થતંત્ર પર સીધી અસર વર્તાઈ હતી.

# અન્નાદ્રમુકના બે જૂથોનું વિલિનીકરણ

**પલાનીસામી મુખ્યમંત્રી અને પનીર સેલ્વમ નાયબ મુખ્યમંત્રી : તમિળનાડુની રાજનીતિમાં મોટા ફેરફારથી રાજકીય ગરમી**



ચેન્નાઈ,તા. ૨૧

ઓલ ઈન્ડિયા અન્નાદ્રવિડ મુનેત્ર કડગમ (અન્નાદ્રમુક)ના બંને જુથ હવે મર્જ થઇ ગયા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. તમિળનાડુના રાજકારણમાં છેલ્લા ઘણા દિવસથી પ્રવર્તી રહેલી સસ્પેન્સની સ્થિતિનો અંત આવી ગયો છે. હજુ સુધી એક જૂથનું નેતૃત્વ મુખ્યમંત્રી કે પલાનીસામી કરી રહ્યા હતા જ્યારે બીજા જુથનું નેતૃત્વ પૂર્વ મુખ્યમંત્રી પનીરસેલ્વમ કરી રહ્યા હતા. મર્જર બાદ પનીરસેલ્વમે આજે તમિળનાડુના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ સીવી રાવે પનીરસેલ્વમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. પનીરસેલ્વમ ઉપરાંત કે પંડ્યા રાજનને પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. મર્જર બાદ બંને જૂથના નેતાઓએ કહ્યું હતું કે, બંને પક્ષોની તમામ માંગણીઓને સ્વીકારી લેવામાં આવી છે. ઉત્તર ભારતમાં વિજયરથ ઉપર સવાર ભાજપે આ ઘટનાક્રમ ઉપર ચાંપતી નજર રાખી હતી. મર્જર બાદ અન્નાદ્રમુકના બે

● અનુસંધાન પાન-૭ પર

## પર્સનલ લોન પર પ્રોસેસિંગ ફીમાં ભારે છુટછાટનો નિર્ણય

**કાર, ગોલ્ડ, પર્સનલ લોન પર ૧૦૦ ટકા સુધી પ્રોસેસિંગ ફી માફી : દેશની સૌથી મોટી બેંક એસબીઆઈની રિટેલ લોન પોર્ટફોલિયોને પ્રોત્સાહન આપવાના હેતુસર મહત્વપૂર્ણ નિર્ણય**




મુંબઈ,તા. ૨૧

રિટેલ લોન પોર્ટફોલિયોને પ્રોત્સાહન આપવાના હેતુસર દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાની અનેક રિટેલ લોન ઉપર પ્રોસેસીંગ ફીમાં ધરખમ રાહતો આપી દીધી છે. બેંકે આજે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, કાર લોન, પર્સનલ લોન અને પર્સનલ ગોલ્ડ લોન પર પ્રોસેસિંગ ફીમાં ૧૦૦ ટકાની છુટછાટ આપવામાં આવશે. આ ફી માફી બીજી બેંકોની હોમ લોનને ટેકઓવર કરવા ઉપર મળનાર છુટછાટ સિવાયની છે. બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા તહેવારના ઉત્સવની યોજનાના ભાગરુપે આની જાહેરાત કરવામાં આવી છે. તહેવારની સિઝન માટે આ અંગેની જાહેરાત કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત મળી શકે છે. હોમલોનના ટેકઓવર પર જાહેરક્ષેત્રોની બેંકોએ

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાષ્ટ્રવ્યાપી બેંક હડતાલ

**પડતર માંગણીઓને લઇને હડતાળનો નિર્ણય : તમામ ખાનગી બેંકોમાં ઓપરેશન યથાવત રીતે જારી રહેશે**

નવીદિલ્હી,તા. ૨૧

આવતીકાલે દેશભરમાં બેંક હડતાળ હોવાથી સેવા ઠપ થઈ જાય તેમ માનવામાં આવે છે. જુદી જુદી પડતર માંગણીઓને લઈને આ આ હડતાળ પાડવામાં આવનાર છે. સરકારની સૂચિત હિલચાલ સામેના વિરોધમાં બેંકિંગ કર્મચારીઓએ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. જાહેર ક્ષેત્રની બેંકોની સેવા મંગળવારના દિવસે ઠપ રહેશે. કારણ કે, યુએફબીયુના છત્ર હેઠળ તમામ યુનિયનો હડતાળ પર જવાની ધમકી આપી દીધી છે. મોટાભાગની બેંકોએ તેમના કસ્ટમરોને પહેલાથી જ સૂચના આપી દીધી છે કે, બ્રાન્ચો અને ઓફિસોમાં કામગીરી જો હડતાળ પડશે તો ખોરવાશે. બીજી બાજુ આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા જેવી ખાનગી બેંકોમાં ઓપરેશન ચેક ક્લીયરન્સમાં વિલંબ સિવાય સામાન્ય રહે તેવી શક્યતા છે. ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફડરેશન, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ સહિત નવ યુનિયનોની છત્ર સંસ્થા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન હેઠળ યુનિયનો હડતાળ ઉપર જવાના છે. ચીફ લેબર કમિશનર સાથેની તેમની મિટિંગ ફ્લોપ થઈ છે જેના પરિણામ સ્વરુપે હડતાળ ઉપર જવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ રહ્યો નથી. એઆઈબીઓસીના જનરલ સેક્રેટરી ડીટી ફ્રેન્કો દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, યુનિયનો દ્વારા ઉઠાવવામાં આવેલી માંગણીઓનો ઉકેલ લાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે પરંતુ પરિણામો મળ્યા નથી જેના લીધે હવે યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને ૨૨મી ઓગસ્ટના દિવસે હડતાળ પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




મુખ્યમંત્રી પરિષદ - ભાજપ શાસિત મુખ્યમંત્રીઓની મહત્વની બેઠક સોમવારે સાંજે પ્રધાનમંત્રીની નિશ્રામાં યોજાઈ હતી. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમીત શાહે આગામી લોકસભાની ચૂંટણી માટેની ચર્ચા - વિચારણા કરી કેટલાક મહત્વના લક્ષ્ય સુધી પહોંચવા અનુરોધ કર્યો હતો... પ્રધાનમંત્રી શ્રી મોદીએ મુખ્યમંત્રીઓ અને રાજ્ય મંત્રીમંડળના સભ્યોને સાદાઈ અને અસરકાર જીવનશૈલી સાથો સાથ પક્ષની નિતીઓ પર વધુ ભાર આપવા આગ્રહ વ્યક્ત કર્યો હતો....

# ડોકલામ વિવાદનો અંત હાથવેંતમાં : રાજનાથ

**પડોશી દેશો સાથે ભારત શાંતિ ઇચ્છે છે : ભારતીય જવાનોનો જુસ્સો આસમાને છે**

નવીદિલ્હી,તા. ૨૧

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, ડોકલામ સરહદી વિવાદનો ટુંક સમયમાં જ ઉકેલ આવી જશે. કારણ કે ભારત કોઈપણ સંઘર્ષ વગર શાંતિ ઈચ્છે છે. રાજનાથસિંહે ભારત-તિબેટ પોલીસ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં વાત કરતા આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ટૂંકમાં જ ડોકલામ વિવાદનો ઉકેલ આવી જશે. તેઓ તમામ પડોશી દેશોને કહેવા માંગે છે કે, ભારત કોઈ સંઘર્ષ નહીં શાંતિ ઈચ્છે છે. રાજનાથસિંહે એમ પણ કહ્યું હતુ કે, તેમને વિશ્વાસ છે કે, ચીન પણ પોતાની રીતે હકારાત્મક પગલા લેશે અને વિવાદનો ઉકેલ આવી જશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, જીવનમાં મિત્રો બદલી શકાય છે પરંતુ પડોશીને ક્યારે બદલી શકાય નહીં જેથી પડોશીઓ સાથે સારા સંબંધ ખુબ મહત્વપૂર્ણ છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શપથવિધિ કાર્યક્રમમાં તમામ પડોશી દેશોના વડાઓને બોલાવ્યા હતા ત્યારે માત્ર હાથ મિલાવવાનો હેતુ ન હતો. આનો મુખ્ય હેતુ તમામ પડોશી દેશો સાથે સારા સંબંધ સ્થાપિત કરવાનો હતો. પ્રધાને ભારત-ચીન સરહદી મડાગાંઠનો ઉલ્લેખ કરતા આ મુજબની વાત કરી હતી. ૧૬મી જૂનના દિવસે સરહદી મડાગાંઠની શરૂઆત થઈ હતી તે વખતે ચીની સૈનિકોએ સરહદી સમજૂતિનો ભંગ કરીને ડોકલામમાં ઘુસણખોરી કરી હતી. પ્રધાને કહ્યું હતું કે, ભારતીય સૈનિકો બિલકુલ ભયભીત નથી. ભારતીય સૈનિકો કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ છે. થોડાક સમય પહેલા જ તેઓ લડાખમાં ગયા હતા. ભારતીય સૈનિકોનો જુસ્સો અભૂતપૂર્વ છે. તીવ્ર ઠંડી હોવા છતાં સૈનિકોનો નૈતિક જુસ્સો આસમાને છે.






# સોનિયા, રાહુલે ધારાસભ્યોની વફાદારી બિરદાવી

**કોંગી ધારાસભ્યોની સોનિયા-રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં વાતચીત : ધારાસભ્યો ૨૩મીએ સીધા ચેન્નાઇ જશે**

અમદાવાદ,તા. ૨૧

રાજયસભાની પ્રતિષ્ઠિત ચૂંટણીમાં કપરા સંજોગોમાં કોંગ્રેસ પક્ષની સાથે રહેનાર અને કોઈપણ ભોગે પક્ષના દિગ્ગજ નેતા એહમદ પટેલને જીતાડનાર કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોની આજે કોંગ્રેસ પક્ષ દ્વારા આખરે કદર કરવામાં આવી છે. કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોને આજે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવામાં આવી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગુજરાતના તમામ ધારાસભ્યોની વફાદારી અને કપરા સંજોગોમાં તેઓને મળેલી કરોડો રૂપિયાની મળેલી ઓફર અને ટિકિટ સહિતના પ્રલોભનોને ઠુકરાવવાના બહાદુરીભર્યા પ્રયાસને બિરદાવ્યા હતા. ધારાસભ્યોએ પણ મોવડીમંડળના બંને નેતાઓનો આભાર માન્યો હતો.

કોંગ્રેસપક્ષના વફાદાર ધારાસભ્યોની ઈમાનદારી અને વફાદારીની કદર કરવાના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલે તમામ ધારાસભ્યોને કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવાનું વચન આપ્યું હતું. જેના ભાગરૂપે ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્યો અમદાવાદ એરપોર્ટ પરથી ઈન્ડિગો ફ્લાઈટ મારફતે રાત્રએ જ દિલ્હી પહોંચી ગયા હતા. આજે બપોરે તમામ ધારાસભ્યોની કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત અને તેમની સાથે ભોજનનું આયોજન કરાયું હતું, જે દરમ્યાન ઔપચારિક ચર્ચા વાતો થઈ હતી.


કપલ / ફેમીલી LTC પ્રવાસો

આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ

સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી

Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

નોલેજ ઓન વ્હીલ્સ!
હવે તમારા શહેરમાં આવી રહી છે
એક્ઝિબિટ્સ અને ડિસ્પ્લેઝથી ભરપૂર ૧૩ ડબ્બા સાથેની ટ્રેનમાં અત્યંત ઊંડાણભર્યું અને રસપ્રદ પ્રદર્શન. તમારા પરિવાર અને મિત્રોને પણ લાવો.

| અનુ ક્રમ | સ્ટેશનનાં નામ | પ્રદર્શન સમયગાળો | | દિવસોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | પ્રારંભ | સમાપ્તિ | |
| ૧. | ડીસા | ૨૨/૦૮/૨૦૧૭ | ૨૪/૦૮/૨૦૧૭ | ૩ |
| સમયઃ સવારે ૧૦.૦૦ થી સાંજે ૧૭.૦૦ કલાક ટ્રેન ઉલ્લેખિત તારીખો અનુસાર નિમ્નલિખિત સ્ટેશનોની પણ મુલાકાત લેશે | | | | |
| ૨. | ભૂજ | ૨૫/૦૮/૨૦૧૭ | ૨૭/૦૮/૨૦૧૭ | ૩ |
| ૩. | ભક્તિનગર | ૨૮/૦૮/૨૦૧૭ | ૩૧/૦૮/૨૦૧૭ | ૪ |
| ૪. | ગોંડલ | ૦૧/૦૯/૨૦૧૭ | ૦૪/૦૯/૨૦૧૭ | ૪ |
| ૫. | ગાંધીનગર કેપીટલ | ૦૫/૦૯/૨૦૧૭ | ૦૮/૦૯/૨૦૧૭ | ૪ |




પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમે સ્થળો અને દિલો ને પાસે લાવીએ છીએ...
facebook.com/WesternRly Follow us on: twitter.com/WesternRly